# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 29-Nov-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

1) ભારતે બાંગ્લાદેશ સમક્ષ લઘુમતીઓની સલામતી માટે પગલાં ભરવાની માંગણી કરી
2) વિરોધ પક્ષોનાં શોરબકોરને પગલે સંસદનાં બંને ગૃહોમાં આજે સતત ચોથા દિવસે કાર્યવાહી ઠપ
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઓડિશાની ત્રણ દિવસની મુલાકાતે પહોંચ્યા
4) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ભુવનેશ્વરમાં અખિલ ભારતીય ડાયરેક્ટ જનરલ અને ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલિસ કોન્ફરન્સનું ઉદઘાટન કર્યું
5) માર્ચ 2027 સુધીમાં દેશમાં પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ યોજના હેઠળ 25 હજાર જન ઔષધિ કેન્દ્ર ખોલવાનું લક્ષ્ય
6) ભારતનાં પીવી સિંધુ અને લક્ષ્ય સેન સૈયદ મોદી ઈન્ટરનેશનલ સુપર 300 બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પ્રવેશ્યા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## BAGLADESH MINORITY RANDHIR JAYSWAL

ભારતે બાંગ્લાદેશને લઘુમતીઓની સુરક્ષા માટે તમામ પગલાં ભરવાની માંગણી કરી છે. આજે નવી દિલ્હીમાં માધ્યમોને સંબોધતા, વિદેશ મંત્રાલયના પ્રવક્તા, રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ભારતે હિન્દુઓ સહિતની લઘુમતીઓને ધમકીઓ અને લક્ષ્યાંકિત હુમલાઓને બાંગ્લાદેશ સરકાર સમક્ષ સતત અને મજબૂત રીતે ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે આ બાબતે ભારતની સ્થિતિ સ્પષ્ટ છે કે વચગાળાની સરકારે તમામ લઘુમતીઓના રક્ષણની પોતાની જવાબદારી નિભાવવી જોઈએ. પ્રવક્તાએ ઉગ્રવાદી પ્રવૃત્તિ, હિંસા અને ઉશ્કેરણીની વધતી ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરી હતી. ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ અંગે શ્રી જયસ્વાલે નોંધ્યું કે કાનૂની પ્રક્રિયાઓ ચાલી રહી છે.

## LS-JAISHANKAR BANGLADESH

દરમ્યાન, વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે કહ્યું છે કે બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ હિંસાની ઘટનાઓના અહેવાલોની સરકારે ગંભીર નોંધ લીધી છે. આજે લોકસભામાં એક લેખિત જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, ઘરો અને વ્યવસાયિક સંસ્થાઓમાં તોડફોડ કરવામાં આવી છે અને આ વર્ષે ઓગસ્ટમાં સમગ્ર બાંગ્લાદેશમાં મંદિરો અને અન્ય પૂજાસ્થળો પર હુમલા થયા છે.

ડોક્ટર જયશંકરે જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં તાજેતરના પૂજા તહેવાર દરમિયાન મંદિરો અને પૂજા મંડપ પર હુમલાના અહેવાલો પણ પ્રકાશમાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, ઢાકામાં ભારતીય ઉચ્ચાયુક્ત બાંગ્લાદેશમાં લઘુમતીઓની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે. તેમણે કહ્યું કે, લઘુમતીઓ સહિત બાંગ્લાદેશના તમામ નાગરિકોના જીવન અને સ્વતંત્રતાના રક્ષણની પ્રાથમિક જવાબદારી બાંગ્લાદેશ સરકારની છે.

## PARLIAMENT -ADJOURNED

સંસદનાં બંને ગૃહોમાં આજે ચોથા દિવસે ભારે શોરબકોરને પગલે કામકાજ થઈ શક્યું નથી. એક અગ્રણી ઉદ્યોગ જૂથ સામે કથિત લાંચનાં આરોપો સહિતનાં વિવિધ મુદ્દે વિરોધ પક્ષોએ ઉહાપોહ કરતાં લોકસભા અને રાજ્યસભા આજનાં દિવસ પૂરતા મોકૂફ રાખવામાં આવ્યા હતા.

લોકસભામાં ગૃહ સવારે મોકૂફ રહ્યા બાદ બપારે બાર વાગે પુનઃ મળ્યું ત્યારે કોંગ્રેસ, ડીએમકે, સમાજવાદી પાર્ટી સહિતનાં વિરોધ પક્ષોનાં સભ્યો સૂત્રોચ્ચાર સાથે ગૃહની વેલમાં ધસી ગયા હતા. અધ્યક્ષ ઓમ બિરલાએ સભ્યોને નિયમ પ્રમાણે કાર્યવાહી ચલાવવા વિનંતી કરી હતી.

(બાઇટ-ઓમ બિરલા)

જો કે અધ્યક્ષની વિનંતી છતાં વિરોધ પક્ષનાં સભ્યો શાંત ન થતાં દિવસ પૂરતું ગૃહ મોકૂફ રાખવામાં આવ્યું હતું. અગાઉ સવારે ગૃહ મળતાંની સાથે જ કાર્યવાહી ખોરવાઇ જતાં ગૃહ 12 વાગ્યા સુધી મોકૂફ રાખવામાં આવ્યું હતું.

રાજ્યસભામાં પણ આ જ સ્થિતિ હતી. અગ્રણી ઉદ્યોગ જૂથ સામે કથિત લાંચનાં આરોપો મુદ્દે ચર્ચાની માંગણી સાથે વિરોધ પક્ષનાં સભ્યોએ કરેલી ગૃહ મોકૂફીની દરખાસ્તને સભાપતિ જગદીપ ધનખડે ફગાવી દીધી હતી. કાર્યવાહીમાં સતત વિક્ષેપથી નારાજ સભાપતિએ કાર્યવાહી મોકૂફ રાખી હતી. બંને ગૃહો હવે સોમવારે મળશે.

## PM ODISHA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઓડિશાની ત્રણ દિવસની મુલાકાતે છે. પ્રધાનમંત્રી આજે સાંજે ભુવનેશ્વર પહોંચ્યા હતા. તેમણે બીજુ પટનાયક આંતરરાષ્ટ્રીય વિમાનમથક પાસે એક જાહેર સભાને સંબોધતા કહ્યું કે, આજે કેન્દ્રની ભાજપ સરકાર ઓડિશા અને રાજ્યના ગૌરવને વધુ પ્રાધાન્ય આપી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે, રાજ્યમાં ભાજપની સરકાર બનતાની સાથે જ માતાઓ અને બહેનો માટે સુભદ્રા

યોજના જેવા ઘણાં મોટા પગલાઓ લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું, આ યોજના મહિલા સશક્તિકરણની ઓળખ બનશે. તેમણે આક્ષેપ કર્યો કે વિરોધ પક્ષોને બંધારણમાં કોઇ વિશ્વાસ નથી. તેમણે જણાવ્યું કે, ઓડિશા બાદ હરિયાણા, મહારાષ્ટ્રમાં ભાજપનો વિજય કેન્દ્ર સરકારની નિતીઓ અને યોજનાઓમાં લોકોનાં વિશ્વાસને પ્રદર્શિત કરે છે.

પ્રધાનમંત્રીએ એરપોર્ટથી રાજભવન સુધી રોડ શો પણ કર્યો હતો. પ્રધાનમંત્રી આવતીકાલે ભુવનેશ્વરમાં અખિલ ભારતીય ડાયરેક્ટ જનરલ અને ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલિસની કોન્ફરન્સમાં ભાગ લેશે અને રવિવારે ભાજપનાં વડામથકે પક્ષની બેઠકમાં હાજરી આપશે.

## MANGAL MUNDA DEATH

દરમ્યાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભગવાન બિરસા મુંડાના વંશજ મંગલ મુંડાનાં નિધન પર શોક વ્યક્ત કર્યો છે. એક સંદેશમાં શ્રી મોદીએ જણાવ્યું કે, મંગલ મુંડાનાં નિધનથી માત્ર તેમનાં પરિવારને જ નહીં, પણ ઝારખંડનાં આદિવાસી સમુદાયને કદી ન પૂરાય તેવી ખોટ પડી છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો...**

## RAJENDRA PRASAD MEMORIAL LECTURE

રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશે કહ્યું છે કે, વિશ્વ જે પડકારોનો સામનો કરી રહ્યું છે તેનો સામનો કરવા માટે ભારત આગેવાની લઈને તમામ મોરચે અગ્રેસર છે.

તેમણે કહ્યું કે, દેશ તમામ બહુપક્ષીય મંચો પર માત્ર એક સહભાગી બનવાને બદલે મુખ્ય હિસ્સેદાર બની ગયો છે. તેઓ આજે નવી દિલ્હીમાં આકાશવાણી દ્વારા આયોજિત ડૉક્ટર રાજેન્દ્ર પ્રસાદ સ્મૃતિ વ્યાખ્યાન આપી રહ્યા હતા. વ્યાખ્યાનનો વિષય હતો 'વૈશ્વિક ક્ષિતિજ પર ભારત કી વધતી ભૂમિકા'.

પ્રસાર ભારતીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર,ગૌરવ દ્વિવેદીએ આકાશવાણીની ભૂમિકા પર પ્રકાશ પાડતા કહ્યું કે, આકાશવાણી તેની શરૂઆતથી જ રાષ્ટ્રનો અવાજ બની છે.

તેમણે જણાવ્યું કે, એક બાજુ આકાશવાણીએ સમાચારનાં પ્રસારણ દ્વારા દરેક પેઢીમાં જાગૃતિ ફેલાવી છે, તો બીજી બાજુ, તેણે તેનાં કરોડો શ્રોતાઓ સમક્ષ રસપ્રદ અને ગુણવત્તાસભર કાર્યક્રમો રજૂ કર્યા છે. આ પ્રસંગે આકાશવાણીના મહાનિદેશક પ્રજ્ઞા પાલિવાલ ગૌર પણ ઉપસ્થિત રહ્યા હતા.

## AMIT SHAH DG AND IGP CONFERENCE

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ભુવનેશ્વરમાં અખિલ ભારતીય ડાયરેક્ટ જનરલ અને ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલિસ કોન્ફરન્સનું ઉદઘાટન કર્યું હતું. લોક સેવા ભવન ખાતે શરૂ થયેલી આ પરિષદ ત્રણ દિવસ ચાલશે.

પરિષદમાં રાષ્ટ્રીય સલામતી સલાહકાર, કેન્દ્રીય ગૃહ સચિવ, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં પોલિસ મહાનિદેશક તથા CRPF, NSG, ગુપ્તર બ્યુરો અને SPGના વડાઓ ભાગ લઈ રહ્યા છે.

પરિષદમાં આંતરરાષ્ટ્રીય સલામતી, નવા ગુના કાયદાઓ, દરિયાઇ સલામતી, માઓવાદ અને એઆઇ તથા ડ્રોન જેવી ઊભરતી ટેકનોલોજી દ્વારા સર્જાયેલા પડકાર પર ચર્ચા કરવામાં આવશે.

## MAHA-BUS ACCIDENT

મહારાષ્ટ્રના ગોંદિયા જિલ્લાના સડક અર્જુની ખાતે આજે બપોરે એક અકસ્માતમાં ઓછામાં ઓછા 9 લોકોના મોત થયા છે. ભંડારાથી ગોંદિયા જઈ રહેલી એસટી બસે બિન્દ્રાવન ટોલા ગામ પાસે કાબુ ગુમાવતા પલ્ટી ખાઇ હતી. નવ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ થયા હતા, જ્યારે 30ને ઇજા થઈ હતી. ઇજાગ્રસ્તોને ગોંદિયાની જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે અને મૃતકનાં નજીકનાં સગાને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખનાં વળતરની જાહેરાત કરી છે.

મહારાષ્ટ્રનાં કાર્યકારી મુખ્યમંત્રી એકનાથ શિંદેએ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને 10 લાખ રૂપિયાની અને ઇજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે, તેમજ ઇજાગ્રસ્તોની સંપૂર્ણ સારવારની સૂચના આપી હતી.

## LS JUDGE VACANCY

સરકારે જણાવ્યું છે કે દેશભરમાં ન્યાયાધીશોની 5 હજાર 600 થી વધુ જગ્યાઓ ખાલી છે. આજે લોકસભામાં એક લેખિત જવાબમાં કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે, સર્વોચ્ચ અદાલતમાં બે, વડી અદાલતોમાં 364 અને જિલ્લા તથા ગૌણ અદાલતોમાં પાંચ હજારથી વધુ જગ્યાઓ ખાલી છે.

અલ્હાબાદ વડીઅદાલતમાં ન્યાયાધીશોની 160 મંજૂર જગ્યાઓ છે જેમાંથી લગભગ અડધી એટલે કે 79 જગ્યાઓ ખાલી છે. તેમણે એમ પણ જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં દેશભરની વિવિધ વડી અદાલતોમાં લગભગ 500 ન્યાયમૂર્તિની નિમણૂક કરવામાં આવી છે.

## LS-JANAUSHADHI

સરકારે માર્ચ 2027 સુધીમાં સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી ભારતીય જનઔષધિ યોજના હેઠળ 25 હજાર જન ઔષધિ કેન્દ્ર ખોલવાનું લક્ષ્ય નક્કી કર્યું છે.

લોકસભામાં એક લેખિત જવાબમાં, રસાયણ અને ખાતર રાજ્ય મંત્રી અનુપ્રિયાએ પટેલે આજે જણાવ્યું હતું કે આ વર્ષે માર્ચના અંત સુધીમાં કુલ 14 હજાર 131 જન ઔષધિ કેન્દ્ર ખોલવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, હાલમાં, દેશમાં જન ઔષધિ કેન્દ્ર ખોલવા માટે વિવિધ સ્તરે 990 અરજીઓ પ્રક્રિયા હેઠળ છે. આજની તારીખે 206 ફાર્માસ્યુટિકલ ઉત્પાદકો ભારતના ફાર્માસ્યુટિકલ્સ એન્ડ મેડિકલ ડિવાઇસીસ બ્યુરો સાથે સંકળાયેલા છે, જે દવાઓ, સર્જિકલ સાધનો, ન્યુટ્રાસ્યુટિકલ્સ અને આયુર્વેદિક ઉત્પાદનોના પુરવઠા માટે PMBJP ની અમલીકરણ એજન્સી છે.

## SYED MODI CHAMPIONSHIP

સ્ટાર ભારતીય શટલર્સ પીવી સિંધુ અને લક્ષ્ય સેન આજે સૈયદ મોદી ઈન્ટરનેશનલ સુપર 300 બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પ્રવેશ્યા છે. લખનૌના બાબુ બનારસી દાસ ઇન્ડોર સ્ટેડિયમ ખાતે બંને દિગ્ગજ ખેલાડીઓએ સીધી જીત નોંધાવી હતી. 2021ની વર્લ્ડ ચેમ્પિયનશિપમાં રજતચંદ્રક વિજેતા લક્ષ્યે પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં દેશબંધુ મીરાબા લુવાંગ મૈસ્નમને 21-8, 21-19થી હરાવ્યા હતા.

મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પીવી સિંધુએ ચીનનાં દાઇ વાંગને 21-15, 21-17થી હરાવ્યા હતા. મિક્સ્ડ ડબલ્સમાં ભારતીય જોડી ધ્રુવ કપિલા અને તનિષા ક્રેસ્ટોએ મલેશિયાની જોડી લુ બિંગ કુન અને હો લો ઇને હરાવી હતી.

## LS DOCTOR

સરકારે માહિતી આપી છે કે દેશમાં ડોકટર અને વસ્તીનો ગુણોત્તર લગભગ 1:811 એટલે કે 811 વ્યક્તિએ એક ડોક્ટર છે, જે વિશ્વ આરોગ્ય સંસ્થાનાં 1:1000 નાં માપદંડ કરતા વધુ સારો છે. લોકસભામાં એક લેખિત જવાબમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું કે નેશનલ મેડિકલ

કમિશન અને સ્ટેટ મેડિકલ કાઉન્સિલમાં 13 લાખ 86 હજારથી વધુ એલોપેથિક ડોક્ટરો અને 6 લાખ 14 હજાર આયુષ ડોક્ટરો નોંધાયેલા છે. તેમણે જણાવ્યું કે, છેલ્લાં 10 વર્ષમાં દેશમાં મેડિકલ કોલેજોની સંખ્યા 387 થી વધીને 780 થઈ છે. MBBSની બેઠકો 130 ટકા વધીને 51 હજાર 348 થી વધીને 2014 થી લગભગ 1 લાખ 18 હજાર થઈ ગઈ છે